# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 07-03-2025 Day: FRIDAY MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર કલ્પના શાહ વાંચે છે.

---

## PM –આજે રાજ્યની બે દિવસીય ગુજરાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા, નગરહવેલી અને દમણ, દીવની મુલાકાત લેશે. તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગુજરાતના સુરત, નવસારી અને દમણના સેલવાસમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. મુલાકાતના પ્રથમ દિવસે, શ્રી મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના સેલવાસમાં 2 હજાર 587 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી સેલ્વાસમાં એક જાહેર સભાને સંબોધિત પણ કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી સુરત ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કરવા માટે સુરત જશે. સુરતમાં લગભગ 2 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મળશે.

8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, શ્રી મોદી નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન'માં હાજરી આપશે. પ્રધાનમંત્રી 25 હજારથી વધુ સ્વ-સહાય જૂથોની અઢી લાખ મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરશે.

---

## રોજગારી પુરી પાડવામાં ગુજરાત રાજ્યમાં પ્રથમ -:

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે, રોજગાર કચેરીઓના માધ્યમથી રોજગારવાંચ્છુ યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં વર્ષ 2002થી સતત પ્રથમ રહ્યું છે .

માત્ર છેલ્લા પાંચ વર્ષમાં જ ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા 13 લાખ 86 હજારથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છેપરિણામે ગુજરાતનો . .બેરોજગારી દર દેશમાં સૌથી ઓછો છે

શ્રી રાજપૂતે ઉમેર્યું કે ખાનગી ઉત્પાદનલક્ષી એકમોમાં મેનેજરરવાઈઝરી પસુ- કક્ષામાં60 ટકા તેમજ કામદાર કક્ષામાં 85 ટકા મળી એકંદરે ઓછામાં ઓછી 85 ટકા રોજગારી સ્થાનિકોને આપવાની જોગવાઈ છેદરેક જિલ્લામાં સ્થાનિક . રોજગારીની ટકાવારી જળવાઈ રહે તે માટે સતત મોનિટરિંગ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------

## સૂક્ષ્મ સિંચાઈ જળસંચય :

જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું કે ગુજરાતમાં જળસંચયને પ્રોત્સાહન આપવા ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાશે . જળસંચય અંગેના બિન સરકારી સંકલ્પની ચર્ચામાં સહભાગી થતાશ્રી બાવળીયાએ જણાવ્યું કે સૂક્ષ્મ સિંચાઈથી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ થશે અને જળસંચયના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવામાં વેગ મળશેશ્રી બાવળીયાએ જણાવ્યું કે રાજ્યની . પ્રજાએ વરસાદી પાણીના સંગ્રહ અને ઉપયોગથી 'જળ એ જ જીવન'ના સૂત્રને સાચા અર્થમાં ચરીતાર્થ કર્યું.

---------------------------------------------------------------------------------------

## વ્હાલી દીકરી યોજના:

વિધાનસભા ગૃહ ખાતે કચ્છ અને અમદાવાદ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના અંગે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વતી જવાબ આપતા મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત રાજયની 2 લાખ 78 હજારથી વધુ દીકરીઓને લાભ અપાશે. કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 1 હજાર 120 અરજીઓ મંજુર કરાઇ છે.

## કંડલા પોર્ટ વિશેષ આર્થિક ઝોન નો આજે **60** મો સ્થાપના દિન:

એશિયા ના સહુ પ્રથમ એવા કંડલા ખાતે ના વિશેષ આર્થિક ઝોન નો આજે 60 મો સ્થાપના દિન છે પૂરા 60 વર્ષ પહેલા મુક્ત વેપાર વિસ્તાર તરીકે નાં આ સહુ પ્રથમ ઝોન ની લોકાર્પણ વિધિ તત્કાલીન પ્રધનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રી નાં હસ્તે 7 મી માર્ચ 1965 નાં થઈ હતી એ પછી એ ઝોન નો વિશેષ આર્થિક ઝોન તરીકે વિકાસ થઈ રહ્યો છે ગયા નાણાકીય વર્ષ નાં આધારે એક હજાર એકર વિસ્તાર માં પથરાયેલ ઝોન માં 318 ઔદ્યોગિક એકમો કાર્યરત હતાં

---

## નારી શક્તિ ને વંદન કાર્યક્રમ :

ગુજરાત સરકારના રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા લોકો નિરોગી રહે અને દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા પ્રોત્સાહન મળે તે હેતુથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે "નારીશક્તિને વંદન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે .જીલ્લા મથક ભુજ ખાતે આવતીકાલે યોજાનાર આ કાર્યક્રમમાં મહિલા ઉત્થાનની વિશેષ કામગીરી કરનાર નારી શક્તિઓનું ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સન્માન કરાશેનિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા . મહિલાઓની તબીબી સમસ્યાઓના નિવારણ અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે.

---

## નાગરીક સંરક્ષણ ની તાલીમ :

અદાણી સ્કિલ ડેવલપમેન્ટ અને નાગરિક સંરક્ષણ ભુજ વિભાગના સંયુક્ત ઉપક્રમે 40 જેટલા તાલીમાર્થીઓને પાંચ દિવસની નાગરિક સંરક્ષણની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતીઆ પ્રસંગે વિવિધ વિષયના નિષ્ણાતોએ કચ્છ જેવા . .સંવેદનશીલ વિસ્તારમાં નાગરિક સંરક્ષણની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું

---

## હવામાન :

રાજ્યમાં આગામી 5 દિવસમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છેફરી એક વખત આંશિક ગરમીમાંથી રાહત . .મળ્યા બાદ લોકોને કાળજાળ ગરમીનો અનુભવ કરવો પડશે

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા પણ વ્યક્ત કરાઇ છે.

આકાશવાણીને માહિતી આપતાં હવામાન વિભાગના નિયામક એદાસે .કે. જણાવ્યું છે કે, આગામી 9 અને 10 માર્ચ દરમિયાન રાજ્યના સંપૂર્ણ દરિયાકાંઠાના વિસ્તારમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

---